©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 14th AUGUST, 2025/SRAVANA 23, 1947 [Issue No. 33

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	741-760	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	2853-3048
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

NOTIFICATION

No. Adm/B.7/4347/2025.-The following candidates are declared successful at the Lower Standard Departmental Examination-2025, held during the month of July-2025.

Sr. No.	Name of Employee	Designation	Court in which working
1	Mr. R. V. Mori	Assistant	Principal Sr. Civil Court, Limbdi
2	Mr. A. S. Parmar	Assistant	Additional District Court, Limbdi
3	Mr. B. L. Parmar	Assistant	Principal Sr. Civil Court, Limbdi
4	Mr. D. K. Sarla	Assistant	TLSC, Chotila

The incumbents concerned be informed accordingly.

Surendranagar, 25th July, 2025.

NOTIFICATION

No. Adm/B.7/4346/2025.-The following candidates are declared successful at the Higher Standard Departmental Examination-2025, held during the month of July-2025.

Sr. No.	Name of Employee	Designation	Court in which working
1	Mr. N. G. Rojasara	Assistant	Principal Senior Civil Court, Surendranagar
2	Mr. V. R. Sapra	Assistant	Additional District Court, Limbdi
3	Mr. B. R. Zala	Assistant	Principal Civil Court, Wadhwan

The incumbents concerned be informed accordingly.

Surendranagar, 25th July, 2025.

K. R. Upadhyay
Principal District Judge,
Surendranagar.

પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ દ્વારા

જાહેરનામું

જા. નં. એડીએમ/બી. ૭/૪૩૪૭/૨૦૨૫.-સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં માહે જુલાઈ-૨૦૨૫ માં લેવાયેલી ખાતાકીય નિમ્ન શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

અનુ. નં.	કર્મચારીનું નામ	હોદ્દો	કોર્ટનું નામ
૧	શ્રી આર. વી. મોરી	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, લીંબડી.
૨	શ્રી એ. એસ. પરમાર	આસીસ્ટન્ટ	એડિશ્નલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ, લીંબડી.
૩	શ્રી બી. એલ. પરમાર	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, લીંબડી
૪	શ્રી ડી. કે. સારલા	આસીસ્ટન્ટ	ટી.એલ.એસ.સી. ચોટીલા.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

જાહેરનામું

જા. નં. એડીએમ/બી. ૭/૪૩૪૬/૨૦૨૫.-સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં માહે જુલાઈ-૨૦૨૫ માં લેવાયેલી ખાતાકીય ઉચ્ચ શ્રેણીની પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

અનુ. નં.	કર્મચારીનું નામ	હોદ્દો	કોર્ટનું નામ
૧	શ્રી એન. જી. રોજાસરા	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સુરેન્દ્રગર
૨	શ્રી વી. આર. સાપરા	આસીસ્ટન્ટ	એડિશ્નલ ડિસ્ટ્રીકટ કોર્ટ, લીંબડી.
૩	શ્રી બી. આર. ઝાલા	આસીસ્ટન્ટ	પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વઢવાણ.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જુલાઈ, સને ૨૦૨૫.

કે. આર. ઉપાધ્યાય
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
સુરેન્દ્રનગર.

By the I/c. Principal District Judge

Read :

(1) Notification No. GK/28/2020/SPC/102017/GOI-44/D, dated 26th Oct., 2020 of the Govt. of Gujarat, Legal Department, Sachivalay, Gandhinagar.

(2) District Court, Surendranagr, Notification No. IB/A.1/2795/25, dated 19-05-2025.

NOTIFICATION

No. IB/A.1/4361/2025.-The undersigned is pleased to modify the notification cited in the preamble at Sr. No. 02 and nominate the Court of 6th Additional District Judge, Surendranagar as a Commercial Court for the commercial dispute where the subject matter of an arbitration is a Commercial disputes of a specified value of not less than 3 (three) lakh rupees and intellectual property rights related suits or proceedings having the specified valuse of not less than 3 (three) lakh rupees, for jurisdiction of Surendranagar Head Quarter, Lakhtar Taluka, Wadhwan Taluka, Muli Taluka, Chotila Taluka & Thangadh Taluka, for hearting and disposal in accordance with law.

Surendranagar, 28th July, 2025.

N. G. Shah
I/c. Principal District Judge,
Surendranagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

ના. મેજી/પોલ-૧/નો ડ્રોન ઝોન/જાહેરનામું/૦૫/૨૦૨૫.-આગામી તા. ૨૬-૦૫-૨૦૨૫ના રોજ ભારતના માન. વડાપ્રધાનશ્રી કચ્છ જીલ્લાના ભુજ શહેર ખાતે સંભવિત મુલાકાતે પધારનાર છે. જેથી મહાનુભાવશ્રીઓની સંભવિત મુલાકાત કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી માન. વડાપ્રધાનશ્રીના પ્રવાસ કાર્યક્રમ અન્વયે પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારમાં ''નો ડ્રોન ઝોન'' જાહેર કરવા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ તરફથી તા. ૨૦-૦૫-૨૦૨૫ વાળી દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ, કચ્છ જિલ્લાના પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારમાં આવતા સમગ્ર વિસ્તારને તા. ૨૩-૦૫-૨૦૨૫ થી તા. ૨૬-૦૫-૨૦૨૫ સુધી ''નો ડ્રોન ઝોન'' જાહેર કરું છું. રીમોટ કન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, કવાડકોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWER AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), પેરા જમ્પીંગ (PARA JUMPING) તથા હોટ એર બલુન (HOT AIR BALLOONS) ઉપરોકત વિસ્તારમાં ઉડાવવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે જાહેરનામાની બજવણી શકય ન હોઈ આથી એક તરફથી હુકમ કરુ છું. જાહેર જનતાની જાણ સારૂ તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો મારફતે તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામામાંથી મુકિત આપવા માટેના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજને રહેશે.

આજરોજ તા. ૨૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરી બહાર પાડયું.

કચ્છ-ભુજ, ૨૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ-૧/માછીમારી પ્રતિબંધ/૦૫/૨૦૨૫.-મત્સ્યોધ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગરના તા. ૨૧-૦૫-૨૦૨૫ વાળા પરિપત્રથી રાજ્યમાં દરિયાઈ કાંઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં તારીખ ૧લી જુન-૨૦૨૫ થી તારીખ ૧૫ ઓગષ્ટ-૨૦૨૫ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય તથા પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે જે બાબતે કચ્છ જીલ્લામાં માછીમારી પર પ્રતિબંધ મુકવા બાબતે મદદનીશ મત્સ્યોધ્યોગ નિયામકશ્રી, ભુજ-કચ્છ દ્વારા તા. ૨૨-૦૫-૨૦૨૫ વાળી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી ફરમાવું છું કે, કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાં ઠેથી કે ક્રીક એરિયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યકિતએ તા. ૦૧-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૭-૨૦૨૫ સુધી માછીમારી માટે સમુદ્રમાં કે ક્રીક વિસ્તારમાં જવું નહીં અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહીં

આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને.

૨. લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળોની બોટો.

૩. પગડીયા માછીમારો.

૪. નોન મોટરાઈઝડ ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી)

૫. મદદનીશ મત્સ્યોધ્યોગ નિયામકશ્રી, ભુજ/સંબંધિત પોર્ટ ઓફિસરશ્રી અધિકૃત કરે તેવી બોટ.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે જાહેરનામાની બજવણી શકય ન હોઈ આથી એક તરફથી હુકમ કરુ છું. સંબંધિત વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો મારફતે તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધી કરાવવી.

આજરોજ તા. ૨૪-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૨૪ માહે મે, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ ભુજ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં.એમએજી/સી/જાહેરનામુ/વિ.સ.પે.ચૂ./૧૫/૨૦૨૫.-ભારતીય નિર્વાચન આયોગ તરફથી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીઓ યોજવા માટેનો કાર્યક્રમ જાહેર કરાયેલ છે. જે અંતર્ગત જુનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ ૮૭-વિધાનસભા મતદાર વિભાગોની મતગણતરી તા. ૨૩-૦૬-૨૦૨૫ ના રોજ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ ખાતે થનાર છે.

મતગણતરીની કાર્યવાહી શાંતિપુર્ણ વાતાવરણમાં થઈ શકે, મતગણતરી દરમ્યાન કોઈ પણ વ્યકિત ખલેલ પહોંચાડે નહિ તથા મતગણતરી સ્થળે વ્યવસ્થામાં કોઈ બાધા કે વિક્ષેપ ન થાય તે માટે જરૂરી સુચનાઓ પ્રસિધ્ધ કરવાની જરૂર જણાય છે.

સબબ હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ઉપરમાં જણાવેલ મતગણથરી કેન્દ્ર ખાતે તા. ૨૩-૦૬-૨૦૨૫ થી મતગણતરીની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવી.

(૧) મતગણતરી સેન્ટર તથા તેની આસપાસની ૨૦૦ મીટરની ત્રિજયામાં નીચે મુજબ અમલવારી કરવી.

(૧) સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ૪ (ચાર) કે તેથી વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહિ.

(૨) કોઈપણ વ્યકિતએ સભા ભરવી નહિ.

(૩) કોઈ પણ વ્યકિતએ સરઘસ કાઢવું નહિ.

(૪) કોઈ પણ વ્યકિતએ જાહેર સુલેહ શાંતી જોખમાય તેવા સુત્રો પોકારવા નહિ.

(૫) કોઈ પણ વ્યકિતએ જાહેર સુલેહ શાંતી જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહિ.

(૬) કોઈ પણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખી ફરવું નહિ.

(૭) કોઈ વ્યકિતએ કોઈ પણ જાતનાં વિસ્ફોટક પદાર્થો અગર આગ લાગે તેવો કોઈ પદાર્થ સાથે રાખવો નહિ.

(૨) મતગણતરી હોલ/મતગણતરી કેન્દ્રમાં નીચે મુજબ અમલવારી કરવી.

(૧) કોઈપણ વ્યકિત સક્ષમ સત્તાધિકારી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતના અધિકૃત પ્રવેશ પાસ વિના મત ગણતરી કેન્દ્રમાં દાખલ થઈ શકશે નહી. આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શિત કરશે.

(૨) કોઈપણ વ્યકિત કે જેમાં ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહિતના કોઈપણ વ્યકિત મતગણતરી હોલમાં કે મતગણતરી કેન્દ્રની પ્રીમાઈસીસમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૩) કોઈ પણ વ્યકિતએ મત ગણતરી કેન્દ્રની અંદર પાન, માવા અને ગુટકા ખાવા નહિ, ધુમ્રપાન કરવું નહિ અને નશાકારક વસ્તુઓ સાથે મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ કરવો નહિ.

અપવાદ :

(૧) આ જાહેરનામાનાં ખંડ ૧(૧), ૧(૨) તથા ૨(૩) માંથી નીચેની વિગતે મુકિત આપવામાં આવે છે.

મતગણતરી તેમજ મતગણતરીના સંચાલન અંગેની ફરજ જે અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ છે તે તમામ અધિકારીશ્રીઓને.

(૨) આ જાહેરનામાના ખંડ-૨(૨)માંથી નીચેની વિગતે મુક્તિ આપવામાં આવે છે.

સમાચાર સંસ્થાઓનાં વ્યવસાય સાથે સંકળાયેલ પત્રકારો કે જેઓ રાજય સરકાર તરફથી ઈસ્યુ થયેલ એક્રેડીશન કાર્ડ ધરાવે છે અને તેમને વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૫ નાં કવરેજ માટે ભારતનાં ચૂંટણી પંચ/મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુ.રા. દ્વારા પ્રવેશ પાસ આપવામાં આવેલ છે, તેવા પત્રકારો મત ગણતરી માટે મુકરર થયેલ બિલ્ડીંગમાં મોબાઈલ સાથે દાખલ થઈ શકશે અને સદરહું બિલ્ડીંગમાં રાખવામાં આવેલ મીડીયા સેન્ટર સુધી મોબાઈલ સાથે જઈ શકશે. પરંતુ, તેઓને કોઈ પણ વિધાનસભા મત વિસ્તારનાં મત ગણતરી હોલમાં મોબાઈલ સાથે પ્રવેશ કરવાી મનાઈ રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

જુનાગઢ, ૨૦ માહે જુન, સને ૨૦૨૫.

હુકમ

નં. એમએજી/સી/ગ્રા. પ./ચટણી/૧૦/૨૦૨૫.-રાજ્યના ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં તા. ૨૮-૦૫-૨૦૨૫ થી પ્રસિધ્ધ કરાયેલ રાજ્યની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ કાર્યક્રમ અનુસાર જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોની આ ચૂંટણીઓ યોજાનાર છે. જે અંતર્ગત મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ રોજ તથા મતગણતરી તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ થનાર છે.

આ ચૂંટણીઓનું મતદાન પુર્ણ થવાના કલાક સાથે પૂરા થાય તે રીતે ૪૮ કલાક પૂર્વનાં સમયગાળા સુધી તથા મતગણતરી દિવસ દરમ્યાન દારૂ કે તના જેવા નશાકારક પદાર્થો/ચીજવસ્તુઓનાં વેચાણ પર પ્રતિબંધ મુકવા તથા આ સમયગાળાને 'ડ્રાય ડે' જાહેર કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૦૫-૦૬-૨૦૨૫ નાં પત્ર નં. : સી/એલઆઈબી/ડ્રાય ડે/જાહેરનામું/૨૮૯૪/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

ગુજરાત રાજયમાં દારૂબંધી હોવા છતા કોઈ વ્યકિત/ઈસમ દારૂ પી, દંગા ફસાદ કરી લોકોમાં ભયનું વાતાવરણ પેદ ન કરે તથા ઉકત ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં નિષ્પક્ષ રીતે યોજાય અને ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી રજુ થયેલ ઉકત દરખાસ્ત ઉચિત/વાજબી હોવાનું જણાય છે.

આથી હું, Anil Ranavasiya, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ના કાયદાની કલમ-૧૪૨ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની અમલવારી કરવાનો આથી હુકમ કરૂં છે કે, જુનાગઢ જિલ્લામાં ચૂંટણી યોજનાર છે, તે ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતદાર વિસ્તારોમાં તા. ૨૦-૦૬-૨૦૨૫ નાં રોજ સાંજના ૦૫-૦૦ કલાકથી તા. ૨૨-૦૬-૨૦૨૫ નાં રોજ સાંજના ૦૭-૦૦ કલાક સુધી તથા પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનના દિવસે અને મતગણતરીનો દિવસ એટલે કે તા. ૨૫-૦૬-૨૦૨૫ (આખો દિવસ) નાં રોજ સુધી દારૂના લાઈસન્સ હોલ્ડર સહિત કોઈએ પર પ્રાંતીય/પરપ્રાંતીય કે દેશી દારૂનું કે અન્ય કોઈ પ્રતિબંધીત પીણાનું વેચાણ કે વિતરણ કરવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદગારી કરનાર શખ્સ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની જોગવાઈઓ મુજબ સજાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૯ માહે જુન, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જૂનાગઢ, ૧૯ માહે જુન, સને ૨૦૨૫.

Anil Ranavasiya
જિલ્લા મેજીસ્ટ્રેટ
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ.

વિષય : ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી-૨૦૨૫ ઝોનલ ઓફીસરો (સેકટર ઓફીસર)ને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો એનાયત કરવા બાબત.

સંદર્ભ :

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરસી/૩૨૧૨/૫૯૩/મ.

(૨) નાયબ કલેકટરશ્રી-૨, કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, પોરબંદરના પત્ર ક્રમાંક : કલક/ચૂંટણી-૨/ગ્રા.પં.ચૂં./એક.મે./૧૯૨/૨૦૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, પોરબંદરના હુકમ ક્રમાંક : સ્થા.સ્વ.ચૂં./ઝોનલ હુકમ/૨૦૨૫/શાખા જાવક રજી. નં. ૨૫, તા. ૦૯-૦૬-૨૦૨૫ નો હુકમ.

(૪) રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, કુતિયાણાના હુકમ ક્રમાંક : ચટણ/સ્થા.સ્વ./ગ્રા.પં./ઝોનલ ઓફીસર નિમણુંક/૨૦૨૫, તા. ૨૮-૦૫-૨૦૨૫ નો હુકમ.

હુકમ

નં.એમએજી/વશી/ગ્રા.પં.ચૂં./સ્પે.એકઝી.મેજી.પાવર/ઝો.ઓ./૨૦૬-૧/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ના કામે ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓની ટીમના વડા પૈકી જે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેમને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે વંચાણ-૧ તળેની જોગવાઈ મુજબ અત્રેની કચેરીના વંચાણે-૨ તળે નસ દરખાસ્ત અન્વયે વંચાણે લીધા-૩ અને ૪ અન્વયે નિયુકત કરેલ ઝોનલ ઓફીસરશ્રીઓને (સેકટર ઓફિસર) ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો આપવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે.

જેથી હું, એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર તરીકે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણ-૧ માં દર્શાવેલ જાહેરનામા મુજબ ભારીતય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ચૂંટણી અધિકારીઓ દ્વારા નિયુકત કરેલ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ મુજબના

ઝોનલ ઓફીસરશ્રીઓને (સેકટર ઓફિસર) તેમની નિમણૂંકના કાર્યક્ષેત્રના વિસ્તારમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ની પ્રક્રિયા મોટ તા. ૨૦-૦૬-૨૦૨૫ થી તા. ૨૨-૦૬-૨૦૨૫ અન્યથા પુનઃ મતદાન જાહેર થાય તો, પુનઃ મતદાનની પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત મતદાન મથકોના ઝોનલ ઓફિસરો (સેકટર ઓફિસર) ઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ તથા ૧૬૩ મુજબના ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે અધિકારો એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૧. કલમ-૪૧ Arrest by Magistrate

૨. કલમ-૧૦૮ Magistrate may direct search in his presence

૩. કલમ-૧૦૯ Power to impound document, etc. produced

૪. કલમ-૧૪૮ Dispersal of assembly by use of civil force

૫. કલમ-૧૬૩ Power to issue order urgent cases of nuisances or apprehended danger

આ સત્તાનો વિવેકપુર્ણ ઉપયોગ થાય તથા દુરૂપયોગ થાય નહી તે જોવા તમામ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટને સુચના આપવામાં આવે છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : એમએજી/વશી/ગ્રા.પં.ચૂં./સ્પે.એકઝી. મેજી.પાવર/ઝો.ઓ./૨૦૬-૧/૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ નું સામેલ પરિશિષ્ટ-૧ ગ્રામ પંચાયત સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫

પોરબંદર તાલુકા ગ્રામ પંચાયતોની ચૂંટણી-૨૦૨૫

નંબર	ઝોનલ ઓફીસરશ્રીનું નામ, હોદો અને મોબાઈલ નંબર
1	Shri Navnit Pampaniya, Asst. Engineer, Office of Ghed Area Sub Division, Bh. Collector Bunglow, Porbandar (Mob. 9737057830)
2	Shri Vimalbhai Solaki, Asst. Engineer, Panchayat Irrigation, Dept. District Panchayat, Porbandar (Mob. 9727737296)
3	Shri Chachiya Ravikumar, Jr. Engineer, PGVCL, Kirtimandir, Sub Division. (Mob. 9925209907)
4	Shri V. L. Odedra, Jr. Engineer, Sub Divisional Office, PGVCL Kamlabag Sub Division Office, Porbandar (Mobi. 9925209911, 8849757557)
5	Shri Ajay G. Makwana, Dy. Exe. Engineer Office of the Exe. Engineer Salinity Control Division, Porbandar (Mob. 9099090826)
6	Shri Chirag S. Salet, Assistnat Engineer, GMB, Porbandar (Mob. 9913422245)
7	Shri Ketan Monani, Principapal, Swaminarayan High School, Porbandar (Mob. 9924991992)

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : એમએજી/વશી/ગ્રા.પં.ચૂં./સ્પે.એકઝી. મેજી.પાવર/ઝો.ઓ./૨૦૬-૧/૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ નું સામેલ પરિશિષ્ટ-૨ ગ્રામ પંચાયત સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫

રાણાવાવ અને કુતિયાણા તાલુકા ગ્રામ પંચાયતોની ચૂંટણી-૨૦૨૫

નંબર	ઝોનલ ઓફીસરશ્રીનું નામ, હોદો અને મોબાઈલ નંબર
૧	શ્રી આર. એલ. ચાવડા, ના.કા.ઈ. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ, રાણાવાવ (મો. ૯૬૬૨૨૫૮૫૮૧)
૨	શ્રી એસ. એમ. સીંગલ, ના.કા.ઈ. પી.જી.વી.સી.એલ. કચેરી, રાણાકંડોરણા (મો. ૯૯૨૫૨૧૮૮૭૬)
૩	શ્રી બિજરાજસિંહ આર. જેઠવા, મદદનીશ ઈજનેર, ના. કા. ઈ. ગુ. પા. પુ. અને ગ. વ્ય. બોર્ડ, કુતિયાણા (મો. ૯૭૨૩૬૬૭૯૯૦)
૪	શ્રી બાપોદરા શિલ્પાબેન એન., ઈ/ચા. સી. ડી. પી. ઓ. સી.ડી. પી.ઓ. કચેરી, કુતિયાણા (મો. ૬૩૫૯૯૨૪૮૨૦)
૫	શ્રી ઓડેદરા મનોજભાઈ એચ. જુનીયર ઈજનેર, પી.જી.વી. સી.એલ. કચેરી, કુતિયાણા (મો. ૯૯૨૫૨૦૯૯૩૩)

પોરબંદર, ૨૦ માહે જુન, સને ૨૦૨૫.

એસ. ડી. ધાનાણી
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/સીમકાર્ડ/લે-વેંચ/ઈ-૨૬૬૪૬૫/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./સીમકાર્ડ/લે-વેચ/જાહેરનામુ/૪૪૭/૨૦૨૫, તા. ૧૫-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્તની વિગતે, ગુનાહિત પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઈસમો પોતાના આર્થિક ફાયદા માટે સિમકાર્ડનો દૂરઉપયોગ કરીને લોકોની સાથે છેતરપિંડી, મોબાઈલ ફોન ચોરી તેમજ મિલકત સંબંધી તથા શરીર સંબંધી ગુન્હાઓમાં મોબાઈલ સીમકાર્ડનો દુરઉપયોગ કરીને ધાકધમકી આપતા હોવાના ઘણા ગુન્હાઓ જિલ્લામાં દાખલ થયેલ હોવાનું તથા મોબાઈલ ફોન તથા ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા ઈ-કોમર્સનું ચલણ વધી રહયું હોય, સાયબર ક્રાઈમના ગુન્હાઓના કામે મોટા ભાગના સીમકાર્ડ ખોટા નામ સરનામાના આધારે મેળવી ગુન્હેગારો દેશના કોઈપણ ખૂણે બેસીને અપરાધને અંજામ આપતા હોઈ, જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર મોબાઈલ ફોનના સીમકાર્ડના ખરીદ-વેંચાણ દરમિયાન યોગ્ય કાર્યરીતિનું પાલન થાય તે હેતુથી તેમજ સિમકાર્ડ ખરીદ કરનાર વ્યકિતના આધાર-પુરાવાઓની ચકાસણી તેમજ નિભાવણી જરૂરી હોવાનું જણાવી તે માટેના આધારો રાખવા તથા રજિસ્ટર નિભાવવા અમલવારી કરવા સારૂં સૂચનાઓ પ્રસિધ્ધ કરતું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે. આથી હું પી. એ. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, મોબાઈલ ફોનના સિમકાર્ડના વેચાણ કરનાર ડિસ્ટ્રીબ્યુટર્સ, રીટેલરો તથા વિક્રેતાઓએ નીચે મુજબની સૂચનાઓનું આવશ્ય પાલન કરવાનું રહેશે.

અમલવારી :

૧. મોબાઈલ ફોનના સિમકાર્ડના વેંચાણ કરનાર ડિસ્ટ્રીબ્યુટર્સ, રીટેલરો તથા વિક્રેતાઓએ મોબાઈલ ફોનના સીમકાર્ડના વેંચાણ સમયે ખરીદનાર વ્યકિતના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજો બરાબર ચકાસણી કરવી તથા આવા દસ્તાવેજી પુરાવાઓની ઝેરોક્સ રાખવી અથવા ડિજીટલ ફોર્મમાં પુરાવાઓ રાખવા અને આ અંગેના ડિસ્ટ્રીબ્યુટર/રીટેલર દ્વારા ડીઝીટલ એકટીવેશન થકી DKYC/EKYC કરવામાં આવે છે. જેની માહિતી દરેક ડીસ્ટ્રીબ્યુટર/રીટેલરે એકસેલ ફોર્મેટમાં રાખવાની રહેશે.

૨. ઉપરોકત જણાવેલ નામ સરનામાની માહિતી એકસેલ ફોર્મેટમાં ત્રણ વર્ષ સુધી સાચવવાની રહેશે તથા તેની હાર્ડકોપી કાઢીને રેકર્ડમાં રાખવાની રહેશે. આ દરમિયાન Data theft, loss કે corrupt ન થાય તે જોવાની જવાબદારી ડિસ્ટ્રીબ્યુટર/રીટેલર/વિક્રેતાની રહેશે અને ખરીદનાર વ્યકિતઓના માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના દસ્તાવેજોના પુરાવાની માહિતીનું રજિસ્ટર રાખવું અને તેની ઓળખ અંગેની ફરજિયાત નોંધણી રજીસ્ટર નિભાવીને કરવાની રહેશે. ઉપરોકત જણાવેલ તમામ માહિતી ત્રણ વર્ષ સુધી સાચવવાની રહેશે.

મોબાઈલ સિમકાર્ડનું વેંચાણ કરનાર ડિસ્ટ્રીબ્યુટર/રીટેલર/વિક્રેતાએ નિભાવવાનું રજીસ્ટર

અ. નં.	સીમકાર્ડની કંપનીનું નામ	સીમકાર્ડ નંબર	નવા સીમકાર્ડના મો. નંબર	સીમકાર્ડના ડિસ્ટ્રીબ્યુટર/ રીટેલર/વિક્રેતાનું નામ, સરનામુ તથા મોબાઈલ નંબર	સીમકાર્ડના ડિસ્ટ્રીબ્યુટર/રીટેલર/ વિક્રેતાનું દુકાનનું નામ, સરનામું	સિમકાર્ડ ખરીદ કરનારનું નામ, સરનામુ અને હાલમાં ઉપયોગ કરતા મોબાઈલ નંબરની વિગત	સીમકાર્ડ ખરીદનારનું ID પ્રુફની વિગત (નકલ ફરજિયાત લેવી.)	E-KYC/ D-KYC/
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ જાહેરનામુ તા. ૨૭-૦૫-૨૦૨૫ થી તા. ૨૫-૦૭-૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ આજરોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

જુનાગઢ, ૨૬ માહે મે, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨) ની કલમ-૩૭(૧) અન્વયેનુ

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/૩૭(૧)/૨૯૪૦૦૦/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/હથિયારબંધી/ ૨૫૧૫/૨૦૨૫, તા. ૨૦-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં દર્શાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જાહેર સુલેહ-શાંતિ તથા કાયદો વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય રહે/કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, હું પી. એ. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૦૫-૨૦૨૫ થી તા. ૨૨-૦૬-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી તમામ વ્યકિતઓએ નીચે પ્રમાણે અમલવારી કરવા ફરમાન કરૂ છું.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ગ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ઘ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(ચ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ હેડ કોનસ્ટેબલ તથા તેનાથી ઉપરની કક્ષાનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આજ જાહેરનામુ આજ તા. ૨૩, માહે-મે, ૨૦૨૫ ના રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૩ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/૧૬૩/સી.સી.ટી.વી./૨૬૫૫૯૬/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./CCTV/ જાહેરનામુ/૪૪૬/૨૦૨૫, તા. ૧૫-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આતંકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાનિ તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શકયતાઓ ભવિષ્યમાં પણ રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુન્હાઓ પણ બનતા હોય છે. આવા ગુન્હાઓ નિવારવા, ગુન્હાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાની અવર-જવર રહે છે તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલા લેવા સૂચનાઓ બહાર પાડતું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ હું પી. એ. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં નીચે મુજબ અમલવારી કરવા ફરમાન કરૂ છું.

અમલવારી :

૧. તમામ હોટેલ, ખાણીપાણીની લોજ, ફાસ્ટફૂડની દુકાન, ધાબા, ગેસ્ટહાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથીગૃહો, વિશ્રામગૃહો, રિસોર્ટ, ફાર્મ હાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, GIDC, પેટ્રોલપંપ, સી.એન.જી. પંપ, ગેસ એજન્સી, બેંકો, એ.ટી.એમ. સેન્ટર, સિનેમાઘર, શોપીંગ મોલ, ટોલપ્લાઝા, જવેલર્સ, આંગડીયા પેઢી, સાયબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન કલાસીસ, યુનિવર્સિટી, શાળા, કોલેજ, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેશા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ દિન-૩૦ માટે સાચવવાનું રહેશે.

૨. સી.એન.જી. કે પેટ્રોલપંપના માલિક/સંચાલકોએ સી.એન.જી. પંપ/ પેટ્રોલપંપનો સમગ્ર વિસ્તાર આવરી લે તેમજ પેટ્રોલ/ડિઝલ/સી.એન.જી. ફીલીંગ સ્ટેશન ઉપર વાહન આવે ત્યારે આવા વાહનના નંબર તેમજ ચાલક સ્પષ્ટ રીતે કેરેરામાં કેદ થઈ શકે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિજન તથા હાઈ ડેફીનેશનના) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે પુરતી સંખ્યામાં રાખવાના રહેશે.

૩. પ્રાઈવેટ સિકયુરીટી રાખવા માંગતા એકમ/પેઢીઓએ લાયસન્સ ધરાવતી અધિકૃત સિકયુરીટી એજન્સીનાં તથા તાલીમબધ્ધ સિકયુરીટી ગાર્ડ રાખવાના રહેશે. આવા ગાર્ડ રાઉન્ડ ધી કલોક રાખવાનાં રહેશે. તેમજ જો કોઈ એકમની માલિકી બદલાય તો તે અંગેની જાણ આધાર પુરાવાઓ સાથે તુરત જ એસ.ઓ.જી. શાખા, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, જુનાગઢમાં તથા લગત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૪. મલ્ટીપર્પઝ થીયેટર/કોમર્શીયલ મોલ/સેન્ટરો/રોપ-વે તથા મેળા કાર્યક્રમનાં આયોજકોએ આવા સ્થળો ખાતે મેટલ ડીટેકટર લગાવવાનાં રહેશે.

૫. ઘણા ખરા કેસોમાં ગુનેગારો સી.સી.ટી.વી. કેમેરા/ડી.વી.આર. તોડી નાખતા હોય છે, જેથી સી.સી.ટી.વી. રેકોર્ડીંગ એકસેસ કરવું મુશ્કેલ બને છે/શકય બનતું નથી. આથી આવુ ન બને તે હેતુસર ડી.વી.આર. સિસ્ટમને કોઈ નુકશાની ન થઈ શકે તે રીતે આવી સિસ્ટમ કેમેરાથી અલગ જગ્યાએથી લોકરમાં સુરક્ષીત રીતે રાખવાની રહેશે. તેમજ સી.સી.ટી.વી. કેમેરાઓમાં ભારતીય માનક સમયાનુસાર ચોકકસ સમય સેટ કરવાનો રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS, 2023 ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાને વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આ જાહેરનામુ તા. ૨૭-૦૫-૨૦૨૫ થી તા. ૨૫-૦૭-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામુ આજરોજ જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૨૬ માહે મે, સને ૨૦૨૫.

સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૭(૩) અન્વયેનુ

જાહેરનામુ

નં.એમએજી/સી/જાહેરનામુ/૩૭(૩)/ઈ-૨૪૫૮૧૫/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/જાહેરનામુ/સભા-સરઘસ/ ૨૪૬૭/૨૦૨૫, તા. ૧૬-૦૫-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, તેમાં જણાવેલ કારણોસર તકેદારી રાખવી આવશ્યક હોવાનું જણાવી

જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગીએ કોઈ સભા-સરઘસ કાઢે નહીં તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતીની જાળવણી સારૂ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂએ હું, પી. એ. જાડેજા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૦૫-૨૦૨૫ થી તા. ૦૯-૦૬-૨૦૨૫ (બંન્ને દિવસો સહીત દરમ્યાન પરવાનગી વિના કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

આજ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૬ માહે મે, સને ૨૦૨૫.

પી. એ. જાડેજા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩(૧) અન્વયેનું

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/મોહરમ/૦૩/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૨૦-૦૬-૨૦૨૫ ના પત્ર ક્ર. સી/એલઆઈબી/મોહરમ/જાહેરનામુ/૩૪૧૧/૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, મોહરમ તહેવાર સબબ કાયદો અને વ્યવસ્થા તથા લોકોમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જાહેર સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર થઈ આવેલ દરખાસ્ત વાજબી અને ઉચિત જણાતી હોઈ હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લાના તમામ શહેરો, ગામડાઓ તથા કસ્બાઓના વિસ્તારમાં કોઈ પણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામા ભંગ કરનાર ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનાં ભંગ સબબ ગુનો માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ તા. ૨૭-૦૬-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) દરમ્યાન અમલમાં રહેશે.

આ જાહેરનામુ આજ રોજ જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/જાહેરનામુ/મકાન/ઈ-૨૧૯૪૯૩/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર કમાંક : એસ.ઓ.જી./મકાન ભાડુઆત/જાહેરનામુ/૫૭૧/૨૦૨૫, તા. ૧૧-૦૬-૨૦૨૫ થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, ત્રાસવાદી તેમજ અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાંગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે તેમજ આતંકવાદી પ્રવૃતિ કરે છે. જેથી માનવ જીંદગીની ખુવારી થાય તેમજ લોકોની સંપતીને નુકશાન પહોંચાડે તેવી શકયતાઓ રહેલી છે. બહારના શહેર, રાજય કે દેશમાંથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થીતીથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે, આથી આવી પરીસ્થિતી અટકાવી શકાય તે માટે સમગ્ર જિલ્લામાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિક સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે તેમા દર્શાવ્યાનુસારની (નીચે મુજબની) જાણ કર્યા સિવાય કોઈને મકાન ભાડે આપી શકે નહિ તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

જુનાગઢ જિલ્લો વિશાળ દરીયા કિનારો ધરાવે છે. જિલ્લામાં પવિત્ર યાત્રાધામ ગિરનાર આવેલ છે. આ સિવાય જિલ્લામાં પ્રવાસ-પર્યટનના તથા ઘણા ધાર્મિક સ્થળો આવેલા છે. જ્યાં વિશાળ પ્રમાણમાં દેશ-વિદેશના પ્રવાસીઓ યાત્રાળુઓ આવે છે. આજ રીતે જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં પરપ્રાંતના માણસો કામ-ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતાં હોય પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી થઈ આવેલ દરખાસ્ત વ્યાજબી/ઉચીત જણાય છે.

આથી હું, કે. બી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડેથી આપી શકશે નહી. ભાડે આપેલ મકાન કે અન્ય એકમની વિગત ભાડુઆત અને સંબંધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ.	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિકનું નામ/ સરનામુ અને ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર	ભાડે આપેલ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજનું પુરૂ નામ, સરનામુ	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ કઈ તારીખથી કઈ તારીખ સુધી ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું છે? તથા ભાડા કરાર કરાવેલ છે કે કેમ?	ભાડુઆતાનું પુરૂ નામ, સરનામુ તથા મો. નંબર	ભાડુઆતની આઈ. ડી. પુરૂની નકલ જોડવી	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના મકાન માલીકનો ભાડુઆત સાથે સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ/ સરનામું/ટેલીફોન નંબર/ મો. નંબર તથા આઈ.ડી. પુરૂની નકલ જોડવી
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)

આ જાહેરનામુ તા. ૧૯-૦૬-૨૦૨૫ થી તા. ૧૭-૦૮-૨૦૨૫ સુધી (બંને વિદસો સહિત) અમલમાં રહેશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNS-2023 ની કલમ-૨૩૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટિસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ જાહેરનામુ આજરોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

જુનાગઢ, ૧૮ માહે જૂન, સને ૨૦૨૫.

કે. બી. પટેલ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,

જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૭૬-૧/૨૦૨૫.-આગામી તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ અત્રેના જિલ્લા ખાતે ગ્રામ પંચાયત સામાન્ય/મધ્યસત્ર/વિભાજન/પેટા ચૂંટણી-૨૦૨૫ સંદર્ભે મતદાન થનાર હોય તથા તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરી થનાર છે. જે ચૂંટણી શાંતિમય વાતાવરણમાં યોજાય તે ખુબ જ જરૂરી હોય જેને ધ્યાને લઈ તથા પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતીના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય તેમજ ગુન્હાહીત કૃત્યમાં હથિયારો, ચપ્પુ, છરી, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૧૫-૦૬-૨૦૨૫ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૨૧-૦૭-૨૦૨૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળા કોઈ પણ જાતના છરી કે છરી જેવું હથિયાર વળે નહી તેવું, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવી છરી સાથે રાખી ફરવાની અથવા તેવી કોઈ બીજી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાથી અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને તેમા દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોરબંદર

જિલ્લાના પોલીસ અધિખારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/-સુધીનો દંડ અથવા બન્ને થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સુધીના દંડ સંહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૮-૦૬-૨૦૨૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૧૮ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું

નં. એમએજી/વશી/E-347188/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : કા.ઈ./જિ.પં./બાંધ/શિંગડા-ગોરાણા/૨૪૭/૨૦૨૫, તા. ૨૫-૦૪-૨૦૨૫ ના પત્રથી શિંગડા ટુ ગોરાણા રોડ પર ચે.પ./૭૦૦ વર્તુ નદી ઉપર ક્ષાર અંકુશ વિભાગ હસ્તકનો બ્રીજ આવેલ છે. જે બ્રીજ ખુબ જ જર્જરીત હાલત હોય માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : RBD/TRF/e-file/16/2025/1318/Section/D1, તા. ૨૮-૦૩-૨૦૨૫ થી સદર બ્રીજની જગ્યાએ નવો માઈનોર બ્રીજ માટેનું કામ રિપોઝીટ વર્ક પેટે મંજુર કરવામાં આવેલ છે. જેથી હાલમાં કામચલાઉ બ્રીજ બંધ કરવામાં આવેલ છે. સદર રસ્તા પર નવો બ્રીજ ન બની જાય ત્યાં સુધી આ બ્રીજ પરની અવર-જવર બંધ કરવી જરૂરી છે. જેથી કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પાસે અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૮૨૨/૨૦૨૫, તા. ૧૯-૦૫-૨૦૨૫ થી સદરહુ કામે વૈકલ્પિક રૂટ ઉપર વાહનની અવર-જવર કરવા જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ શિંગડા થી ગોરાણા રોડ પર ચે.પ/૭૦૦ વર્તુ નદી ઉપર આવેલ બ્રીજ નવો ન બની જાય ત્યાં સુધી વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ અને નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી વાહનો આવર જવર કરવાના રહેશે.

(૧) શિંગડા થી ગોરાણા તરફ જવા માટે સોઢાણાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપર મુજબની વિગતે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે.

આ જાહેરામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-77-1/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે. અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતા નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૪-૦૭-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું એન. બી. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૨-૦૭-૨૦૨૫ થી તા. ૨૫-૨૭-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય

અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એ વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૮-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૮ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એન. બી. રાજપુત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

જાહેરનામુ

નં. ડીએમ-૧/ફા.નં. ૨૯૧-૧/ફાયરીંગ બટ/૪૬૭૩૦૬/૨૦૨૪.- ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૨૧-૧૦-૨૦૨૪ થી તા. ૨૫-૧૦-૨૦૨૪ સુધી દિન-૫ માટે રેલ્વે પ્રોટેકશન ફોર્સ, ભાવનગર વિભાગનાઓએ વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસના ભાગરૂપે તેઓના કર્મચારીઓ માટે ફાયરીંગ પ્રેકટીસનું આયોજન કરેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પેરિફેરીથી આજુબાજુ ના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. ૮૭/સીબી-૨/ફાયરીંગ બટ/૧૩૪૩/૨૦૨૪, તા. ૧૮-૧૦-૨૦૨૪ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારીની રૂઈએ હું, એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે. માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરીફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૨૩-૧૦-૨૦૨૪ થી તા. ૨૫-૧૦-૨૦૨૪ સુધી કોઈ પણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે. આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તા. ૨૨-૧૦-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૨૨ માહે ઓકટોબર, સને ૨૦૨૪.

જાહેરનામું

NO. BVN/MAG/e-file/443/2024/2287/Magisterial.- સમાજમાં દિકરીઓની સંખ્યા ઘટતી જતી હોવાની બાબત ધ્યાને લઈ ભાવનગર જિલ્લામાં જે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ અંતર્ગત રજીસ્ટર્ડ કલીનીક ખાતે સી.સી.ટી.વી. કેમેરા મુકવા અંગે જિલ્લા એડવાઈઝરી કમીટીની મીટીંગમાં થયેલ સૂચના અન્વયે ભાવનગર શહેર અને જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીક અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ તમામ કલીનીક માટે કલીનીક ઉપર સીસીટીવી કેમેરા લગાવવા અને તેનો ડેટા ત્રણ માસ સુધી જાળવી રાખવા જાહેરનામું બહાર પાડવા જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી (પીસી એન્ડ પીએનડીટી) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગરનાં પત્ર No. DPOBHV/0111/04/2025 તા. ૧૯-૦૪-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે વિગતેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

આથી હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પટો કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે, ભાવનગર શહેર અને જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટીક ટીકનીક અંતર્ગત રજીસ્ટર્ડ થયેલા તમામ કલીનીક ઉપર સીસીટીવી કેમેરા લગાવવા અને તેનો ડેટા ત્રણ માસ સુધી જાળવી રાખવાનો રહેશે.

આ જાહેરાનામું પ્રસિધ્ધ થયાની તારખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો અમલ જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી (પીસી એન્ડ પીએનડીટી) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગરએ કરાવવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના ભંગ બદલ ધારાસર ફરીયાદ કરવા માટે જીલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી (પીસી એન્ડ પીએનડીટી) અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૨૪૩/પ્લા.કો.વાયર/જા.ના./૨૦૨૫.-ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ ખાતે ઘન કચરો, પ્લાસ્ટીક તથા શીપ કટીંગ દરમિયાન નિકળતા વાયરો તથા અન્ય વસ્તુઓને બાળવા/સળગાવાની પ્રવૃતિને કારણે ઉત્પન્ન થતા ધુમાડાથી હવામાન ખૂબ જ પ્રદુષિત થાય છે અને તે લોકોનાં સ્વાસ્થ્ય માટે હાનીકારક નીવડે છે. આથી કોઈપણ વ્યકિતએ આ તમામ વિસ્તારોમાં ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ તે માટે જાહેરનામું બહાર પાડવા પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના પત્ર નં. ગુપ્રનિબોર્ડ/પ્રા.ક.-ભાવનગર/T-181/2025/6089 તા. ૦૪-૦૪-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, લોકોને શુધ્ધ પ્રદુષણરહિત હવા મળી રહે અને લોકોનું સ્વાસ્થય જળવાઈ રહે તે માટે ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર, તમામ નગરપાલિકા વિસ્તાર, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળમાં સમાવિષ્ટ થતાં વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિએ

ઘન કચરો, પ્લાસ્ટીક કે અલંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટીક કોટેડ વાયર વગેરેને બાળવા/સળગાવવા નહિ.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો અમલ કમિશનરશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા મંડળ, ભાવનગર, પ્રાદેશીક અધિકારીશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર, નિર્દિષ્ટ અધિકારીશ્રી અલંગ વિસ્તાર વિકાસ સત્તા મંડળ, અલંગ, સંબંધિત ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકાઓ તથા સબંધિત પોલીસ થાણાના અધિકારીશ્રીઓએ કરાવવાનો રહેશે.

સદરહું જાહેરનામાનું ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૮-૦૪-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૮ માહે એપ્રિલ, સને ૨૦૨૫.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની
કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૯૪૧/૨૦૨૫.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોના ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવીજ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ અકમાર્ગીય પ્રવેશ કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે. તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ વ્હી ચકીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટ હાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૫-૦૫-૨૦૨૫ ના પત્ર ક્રમાંક ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૫૦૦/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન)થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચકી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વહનો પાર્ક કરવાના રહેશે.

(૪) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિશેધ રહેશે.

(૫) ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૦-૦૫-૨૦૨૫ થી તા. ૧૯-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૬ માહે મે, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૨૦૪/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૬-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૧૬-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૧૯૩/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પુરક પરીક્ષા બોટાદ જિલ્લામાં આગામી તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ દરમિયાન લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે અને જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) આજુ બાજુ વિસ્તારોમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લા, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ દરમિયાન સમય સવારના ૧૦-૦૦ થી ૧૩-૪૫ તથા ૧૫-૦૦ થી ૧૮-૩૦ કલાક ના કુલ-૦૭ પરીક્ષા કેન્દ્રો, ઉપર તથા જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, અન્ય ઈલેકટ્રોનિકસ સાધનો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ ૧૬-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે : જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુ.નગરના તા. ૦૫-૦૬-૨૦૨૫ના પત્ર ક્રમાંક : મ.શિ.નિ./પૂરક પરીક્ષા/૨૦૨૫/૧૫૪૯.

જાહેરનામું

નં. મજસ-૧/SSC-HSC/પૂરક પરીક્ષા/૨૦૨૫/વશી-૩૧૧૪ થી ૩૧૩૪.- જિલ્લામાં શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગરના ઉકત વંચાણવાળા પત્રની વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી પુરક પરીક્ષા યોજાનાર છે. પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો પર કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર બંધ રાખવા તેમજ પરીક્ષા સ્થળોની આસપાસ પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, આર. કે. ઓઝા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ અધિકારની રૂઈએ સુરેન્દ્રનગર જિલ્લાના આ સાથેના સામેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગરના ઉકત વંચાણવાળા પત્રના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તેની સામે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ સુધી પરીક્ષાના દિવસોએ નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા મને જરૂરી જણાય છે.

૧. પરીક્ષા દિવસના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો (સ્થળો)ની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમિયાન થતી ગેરરીતિઓ અટકાવવા સારૂ તમામ ઝેરોક્ષની દુકાનો ચાલુ ન રાખવા માટેનો પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

૨. પરીક્ષા કેન્દ્રમાં સેલ્યુલર/મોબાઈલ/ઈલેકટ્રોનીક ગેઝેટસ જેવા તમામ ઈલેકટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરવા તથા લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે તથા કેલ્કયુલેટર પરિક્ષા કેન્દ્રમાં ઉપયોગ કરવા કે લઈ જવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અધ્યતન સૂચનાઓ અનુસાર પાલન કરવાનું રહેશે.

૩. પરીક્ષાના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્ર (સ્થળો) ની આજુબાજુમાં ૪ (ચાર) કે તેથી વધુ વ્યકિતઓએ ઉભા રહેવા પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૪. પરીક્ષાના દિવસે વિજપુરવઠો ખોરવાઈ નહી તે માટે પરીક્ષાના દિવસે સવારે ૧૦-૦૦ થી ૧૮-૩૦ કલાક દરમિયાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૫. દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગ ધારો-૨૦૧૬ મુજબ તથા સરકારશ્રીની પ્રવર્તમાન સુચનાનુસાર મળવાપાત્ર છુટછાટ રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી/ જે તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનોથી પ્રસિધ્ધિ/સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેરાત કરી પ્રસિધ્ધિ કરવાનું ફરમાવું છું.

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરાવવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૯ માહે જુન સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણમાં લીધુ :

(૧) ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૦૫-૦૫-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : HD/MSM/e-file/8/2025/2718/SB1.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, સુરેન્દ્રનગરના તા. ૦૨-૦૬-૨૦૨૫ ના પત્ર નં. પીબી/ફલડ-૨૦૨૫/સાવચેતી/૧૦૫૩.

જાહેરનામું

નંબર : મજસ-૧/૨૦૨૫/વશી/૩૧૩૫ થી ૩૧૮૩.-સામાન્ય સંજોગો મુજબ ગુજરાત રાજ્યમાં જુન માસથી વર્ષાઋતુનો આરંભ થાય છે. વર્ષાઋતુ દરમિયાન ભારે વરસાદ સાથે આકાશી વિજળી પડવી, ભારે પવન ફૂંકાવો કે વાવાઝોડું ત્રાટકવાની ઘટનાઓ બનતી હોય છે. વર્ષાઋતુ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના નાગરિકો અને વસવાટ કરતા વ્યકિતઓ જુદા-જુદા જળાશયો (નદી, તળાવ, નહેર) અને કુદરતી કે અન્ય રીતે અસ્તિત્વમાં આવેલ ઊંડા ખાડાઓમાં ન્હાવા પડે છે અને બાદમાં ડુબી જવાથી મરણ જતા હોવાની ગંભીર ઘટનાઓ બનેલ હોવાનું ભુતકાળના અનુભવોથી ધ્યાને આવેલ છે. આવા પ્રકારની ગંભીર ઘટનાઓ બનતી અટકે તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૦૫-૦૫-૨૦૨૫ના પત્ર ક્રમાંક નં. HD/MSM/e-file/8/2025/2718/SB1 થી જિલ્લામાં આવેલ જુદા-જુદા પ્રકારના વિવિધ જળાશયો અને ભયજનક સ્થળોની યાદી બનાવી તેમાં પ્રવેશ ન કરે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા માટે સુચના થઈ આવેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ વિભાગ, સુરેન્દ્રનગરના વિસ્તારમાં આવેલ આવા સ્થળો, જળાશયો, નદી કે સિંચાઈ યોજના કે સ્થળે ન્હાવાથી મરણ જવા સુધીનો પ્રસંગ બની શકવાની સંભાવનાઓ રહેલી હોય તેવા પ્રકારના સ્થળોની યાદી અત્રેને મોકલેલ છે.

ઉકત બાબતો ધ્યાને લેતા આવા ભયજનક સ્થળો, જળાશયો, નદી કે નદીના પટ કે સિંચાઈ યોજનાઓના સ્થાને નાગરિકો અને વસવાટ કરતા વ્યકિતઓના પ્રવેશ કરી ન્હાવા અને જળાશયોના તટ કે પાળી પર પહોંચી જોખમી રીતે સેલ્ફી લેવા કે કેમેરાથી કે મોબાઈલથી શુટીંગ કરવા જેવી પ્રવૃતિઓ માટે સુરેન્દ્રનગર જિલ્લા વિસ્તારમાં સમાવિષ્ટ નીચે મુજબના પરિશિષ્ટમાં જણાવ્યા અનુસારના જળાશયો, સિંચાઈ યોજના, નદી, તળાવ, પુલ કે નિચાણવાળા વિસ્તારમાં પ્રવેશ કરી ન્હાવા અને તટ કે પાળી પર પહોંચી જોખમી રીતે સેલ્ફી લેવા કે કેમેરાથી કે મોબાઈલથી શૂટીંગ કરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

જેથી હું, આર. કે. ઓઝા, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૧-૦૬-૨૦૨૫ થી તા. ૩૧-૦૮-૨૦૨૫ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

પરિશિષ્ટ મુજબના જળાશયો, સિંચાઈ યોજના, નદી, તળાવ, પુલ કે નિચાણવાળા વિસ્તારમાં પ્રવેશ કરી ન્હાવા અને તટ કે પાળી પર પહોંચી જોખમી રીતે સેલ્ફી લેવા કે કેમેરાથી કે મોબાઈલથી શૂટીંગ કરવા પર.

: પરિશિષ્ટ :

ક્ર. નં.	તાલુકો	ડેમનું લોકેશન	ડેમનું નામ	નદીનું નામ
૧	સાયલા	થોરીયાળી	લીંબડી ભોગાવો-૧ (થોરીયાળી)	લીંબડી ભોગાવો
૨	વઢવાણ	વડોદ	લીંબડી ભોગાવો-૨ (વડોદ)	લીંબડી ભોગાવો
૩	મુળી	ગૌતમગઢ	વઢવાણ ભોગાવો-૧ (નાયકા)	વઢવાણ ભોગાવો
૪	વઢવાણ	ખમીસણા	વઢવાણ ભોગાવો-૨ (ધોળીધજા)	વઢવાણ ભોગાવો
૫	ચુડા	ચુડા	વાંસલ	વાંસલ
૬	ધ્રાંગધ્રા	જશાપર	ફલ્કું (રાજ જસવંત સાગર)	ફલ્કું
૭	સાયલા	વાંટાવચ્છ	નિંભણી	નિંભણી
૮	ચોટીલા	હિરાસર	મોરસલ	દુધાળા
૯	મુળી	ધમેન્દ્રગઢ	સબુરી	સબુરી
૧૦	ચોટીલા	ધારી	ધારી	સુખભાદર
૧૧	ચોટીલા	ડાકવડલા	ત્રિવેણીઠાંગા	જંબુરી

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ કરવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને તેમજ સંબંધિત સિંચાઈ યોજનાના ફરજ પરના હાજર અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૧ માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો લગાડી હુકમ બહાર પાડયો.

સુરેન્દ્રનગર, ૨૧ માહે જુન, સને ૨૦૨૫.

આર. કે. ઓઝા, G.A.S.
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. મેજી/આરએફએમએસ/૩૨૦૨૫૦૨૫૧૬૧૫/૨૦૨૫.-આથી સર્વે જાહેર જનતાને જણાવવાનું કે મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ના જા. નં. ૩૫૮૪/૨૦૨૫ તા. ૧૫-૦૫-૨૦૨૫ ના રિપોર્ટ અન્વયે જી. પી. એકટની કલમ-૮૨(૨) અન્વયે નીચે દર્શાવેલ વિગતેના બિનવારસી મુદ્દામાલ બિન ધણીયાત હોવાથી યોગ્ય નિકાલ થવા અત્રેની કોર્ટમાં રજુ થયેલ છે, તો સદરહું મુદ્દામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય તેમણે આ જાહેરનામાની તારીખથી ૩(ત્રણ) માસની અંદર માલીકીના આધાર પુરાવા દસ્તાવેજ સાથે અત્રેની કોર્ટમા મુદ્દામ અરજી કરવી. સદરહું મુદત દરમ્યાન આ બિનવારસી મુદ્દામાલના કોઈ માલીક રજુ નહી થાય તો સદરહું મુદ્દામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી.

: મુદ્દામાલની વિગત :

ક્રમ	વાહનનો પ્રકાર	વાહનનો રજીસ્ટ્રેશન નંબર	વાહન મળી આવ્યા સ્થળ	ચેસીસ નંબર
૧	એકસેસ મો. સા.	GJ-03-DJ-0889	લાતી પ્લોટ, જેનીસ નગર, લુકસ ફર્નીચર પાછળની શેરીમાંથી	MB8CF4CAKA8113359

મોરબી, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એચ. જી. મારવણીયા
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
મોરબી શહેર.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/લોકમેળો/જાહેરનામું/૬૯૫/૨૦૨૫.-આગામી તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૧૮-૦૮-૨૦૨૫ સુધી રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતીક લોકમેળાનું આયોજન કલેકટરશ્રી, રાજકોટ જિલ્લા રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવેલ છે અને આ લોકમેળામાં રાજકોટ શહેર તથા આજુ-બાજુના ગામડાઓમાંથી ખુબજ મોટા પ્રમાણમાં જાહેર જનતા લોકમેળો માણવા માટે પોતાના વાહનો સાથે કે અન્ય રીતે આવતા હોય છે અને લોકમેળા દરમ્યાન વાહનોનું પ્રમાણ ખુબજ રહેતુ હોય છે. જેથી લોકમેળામાં આવતી જાહેર જનતા લોકમેળામાં સરળ રીતે હરીફરી શકે અને વાહન વ્યવહાર સુચારૂ અને સલામત રીતે ચાલુ રહે અને અકસ્માતના બનાવો ન બને તે માટે નીચેની વિગેતનું આ જાહેરનામું તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૧૮-૦૮-૨૦૨૫ સુધી લોકમેળો શરૂ થાય ત્યારથી પૂર્ણ થાય ત્યાં સુધી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) રેસકોર્ષ રીંગરોડ જીલ્લા પંચાયત ચોક થી બહુમાળી ભવન ચોક, પોલીસ હેડ કવાર્ટર સર્કલ, જુની એન.સી.સી. ચોક, આમ્રપાલી અંડર બ્રીજ સુધી તમામ વાહનો માટે પ્રવેશ-બંધ અને બંને બાજુ ''નો-પાર્કિંગ'' જાહેર કરવામાં આવે છે.

(૨) ટ્રાફિક શાખા થી પોલીસ હેડ કવાટર સર્કલ સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ જાહેર કરવામાં આવે છે.

(૩) આઈ.બી.ની ઓફિસથી રૂરલ એસ.પી.સા. ના બંગલા સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ જાહેર કરવામાં આવે છે.

(૪) સુરજ-૧ એપાર્ટમેન્ટ થી લોકમેળાના મુખ્ય ગેઈટ સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ જાહેર કરવામાં આવે છે.

(૫) ચાણકય બીલ્ડીંગ ચોકથી ફુલછાબ ચોક, જીલ્લા પંચાયત ચોક સુધી તમામ પ્રકારના વાહનો માટે ''નો-પાર્કિંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

(૬) રેસકોર્ષ રીંગરોડ ફરતે લારી, ગલ્લા, પાથરણા, રેકડી રાખવાની મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૭) વિશ્વા ચોકથી જુની એન.સી.સી. ચોક સુધી તમામ પ્રકારનાં વાહનો માટે પ્રવેશ બંધ અને બન્ને બાજુ ''નો-પાર્કિંગ'' જાહેર કરવામાં આવે છે.

(૮) મહીલા અંડર બ્રીજ થી કિશાનપરા ચોક સુધી પ્રાઈવેટ લકઝરી બસો કિશાનપરા ચોક તરફ પ્રવેશ બંધ જાહેર કરવામાં આવે છે.

➢ **નીચે મુજબના રસ્તાઓ ખુલ્લા રહેશે.**

(૧) ચાણકય બીલ્ડીંગ ચોકથી શ્રોફ રોડ, ટ્રાફિક શાખા, રૂડા બિલ્ડીંગ જામનગર રોડથી ગાંધીગ્રામ તરફ જઈ શકશે તથા શ્રોફ રોડ, ચાણકય બીલ્ડીંગ ચોકથી ફુલછાબ ચોકથી જીલ્લા પંચાયત ચોકથી કિશાનપરા ચોક આમ્રપાલી અંડર બ્રીજથી રૈયા રોડ તરફ અવર-જવર કરી શકાશે.

(૨) કોઈપણ ભારે વાહન લોકમેળા દરમ્યાન રેસકોર્ષ રીંગરોડ ઉપર પ્રવેશ બંધ જાહેર કરવામાં આવે છે.

(૩) પ્રાઈવેટ લકઝરી બસો મહિલા અંડર બ્રિજથી ટાગોર રોડ થઈ જઈ શકાશે.

- તા. ૧૪-૦૮-૨૦૨૪ ના રોજ કલાક ૦૯-૦૦ થી લોકમેળો પૂર્ણ થાય ત્યાં સુધી રેસકોર્ષ રીંગરોડ ફરતે પાસ ધારક વાહન ચાલકો ૧૦ કી.મી. ની ઝડપથી વધુ વાહન ચલાવી શકશે નહીં.

➢ **નીચે મુજબના વાહનો માટે વાહન પાર્કીંગ સ્થળો જાહેર કરવામાં આવે છે.**

ક્રમ	પાર્કીંગ સ્થળ	વાહનના પ્રકાર	વિગત
૧.	નહેરૂ ઉદ્યાન, બહુમાળી ભવન સામે, પ્રવેશ બહુમાળી ચોક	કાર, મો.સા. સાયકલ	ફી પાર્કીંગ
૨.	એરપોર્ટ ફાટકથી આમ્રપાલી ફાટક પુર્વ બાજુનો ભાગ રેલ્વે પાટા સામે	બસ, કાર, મો.સા., સાયકલ	ફી પાર્કીંગ
૩.	બાલભવન મેઈન ગેઈટથી આર્ટ ગેલેરી સુધીના રોડ ઉપર	મોટર સાયકલ તથા સાયકલ	ફી પાર્કીંગ
૪.	નવી કલેકટર કચેરી સામે	કાર, મો.સા., સાયકલ	ફી પાર્કીંગ
૫.	કિશાનપરા ચોક, એ.જી. ઓફીસની દિવાલ પાસે ૧૫-રીક્ષા	ઓટો રીક્ષા	ફી પાર્કીંગ
૬.	કિશાનપરા ચોક સાયકલ શેરીંગવાળી જગ્યા	ટુ-વ્હીલર માટે	ફી પાર્કીંગ

ક્રમ	પાર્કીંગ સ્થળ	વાહનના પ્રકાર	વિગત
૭.	આયકર વાટીકા સામે ખુલ્લી જગ્યા પાસે રિલાયન્સના ગ્રાઉન્ડમાં	કાર, મો.સા. સાયકલ	ફી પાર્કીંગ
૮.	ચૌધરી હાઈસ્કુલ ગ્રાઉન્ડ	ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલર માટે	ફી પાર્કીંગ
૯.	કિશાનપરા ચોક કેપીટલ હોટલ પાછળનું ગ્રાઉન્ડ	ટુ-વ્હીલર માટે	ફી પાર્કીંગ
૧૦.	ચાણકય બિલ્ડીંગ ચોક પાસે નગરરચના અધિકારીશ્રી કચેરીનું ગ્રાઉન્ડ	ટુ-વ્હીલર માટે	ફી પાર્કીંગ
૧૧.	ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ	ફોર-વ્હિકલ	ફી પાર્કીંગ
૧૨.	સરકીટ હાઉસ સામે મેમણ બોર્ડીંગનું ગ્રાઉન્ડ	ટુ-વ્હીલર માટે	ફી પાર્કીંગ
૧૩.	રૂરલ એસ.પી. સાહેબના બંગલા વાળી શેરી આઈ.બી. ઓફિસથી પ્રેસ સુધી	ટુ-વ્હીલર માટે	ફી પાર્કીંગ
૧૪.	સર ગોસલીયા માર્ગ હેલ્થ ઓફિસની દિવાલ સુધી	ટુ-વ્હીલર માટે	ફી પાર્કીંગ
૧૫.	હોમગાર્ડ ઓફીસર કોલોની બહુમાળી ભવન સામે	ફકત સરકારી વાહનો માટે	

આથી હું બ્રજેશ કુમાર ઝા, (I.P.S.), પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ ૦૦-૦૭-૨૦૨૫ થી મારી સહી સીકકા કરી જાહેર જનતાની જાણ માટે તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૧૮-૦૮-૨૦૨૫ લોકમેળો ચાલુ થાય ત્યાર થી પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં. (લોકમેળાની ફરજ ઉપર રહેલ તમામ પ્રકારનાં વાહનોને આ જાહેરનામું લાગુ પડશે નહી)

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાકલ મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

રાજકોટ, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

અત્રેની કચેરીનાં જાહેરનામા ક્રમાંક : સીબી-૬/ભારે વાહન/શરત મૂકિત/જાહેરનામુ/૭૪૩/૨૩, તા. ૧૦-૦૮-૨૦૨૩.

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/ભારે વાહન/શરત મુકિત/જાહેરનામું/૧૦૦/૨૦૨૫.-

સ્પષ્ટીકરણ :

શહેરી વિસ્તારની વધતી વસ્તી અને વાહનોની સંખ્યા સાથે ટ્રાફિકની ગીચતામાં વધારો થાય છે. જેથી રાજકોટ શહેરી વિસ્તારમાં ભારે વાહન પ્રવેશબંધી અંગેનું વંચાણવાળા જાહેરનામાંથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પરંતુ રાજકોટ શહેર વિસ્તારમાં વધતા જતા ટ્રાફિકના કારણે જાહેરમાર્ગો પર ટ્રાફિકની ગીચતા થાય છે અને શહેરમાં વધતી જતી ભારે વાહનોની અવર-જવર માટે શહેરના રસ્તાઓ સાંકડો પડે છે અને રસ્તાઓ પર ટ્રાફિક અડચણરૂપ થાય છે. તેમજ ભવિષ્યમાં આ સમસ્યાઓ ગંભીરરૂપ ધારણ કરે તેમ છે. જેથી રાજકોટ શહેરી વિસ્તારની હાલની પરીસ્થિતીને ધ્યાનમાં લઈ ટ્રાફિક વ્યવસ્થા સલામત અને સુચારૂ રીતે જળવાઈ રહે તે હેતુસર રાજકોટ શહેર મહાનગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ વિગતેનું ભારે વાહન પ્રવેશબંધી અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

- **ભારે વાહનો (હેવી ગુડસ વ્હીકલ) :**

માલ વાહક વાહનો કે જેમા ભાર ભર્યા સિવાયનું (ખાલી વાહનનું) વજન ૧૨ ટન/૧૨૦૦૦ કિલો થી વધુ હોય અથવા તેની માલ વહન કરવાની ક્ષમતા (પે-લોડ) ત્રણ ટન/૩૦૦૦ કિલો થી વધારે હોય તેવા વાહનો (ટ્રક, ટેન્કર, ટ્રેકટર સાથેનુ ટ્રેલર વગરે).

- **નાના માલ વાહક વાહનો (લાઈટ ગુડસ વ્હીકલ) :**

માલ વાહક વાહનો જેનુ ભાર ભર્યા સિવાયનું (ખાલી વાહનનુ) વજન સાડા સાત ટન/૭૫૦૦ કિલો થી બાર ટન/૧૨૦૦૦ કિલો સુધીનુ હોય અથવા જેની માલ વહન કરવાની ક્ષમતા (પે-લોડ) ત્રણ ટન/૩૦૦૦ કિલો થી વધુ હોય તેવા વાહનો.

પ્રતિબંધ :

- રાજકોટ શહેર મહાનગરપાલિકા વિસ્તારમાં ભારે વાહનો માટે સવારનાં ક. ૦૬-૦૦ (છ) વાગ્યાથી રાત્રીના ક. ૦૯-૦૦ (નવ) વાગ્યા સુધી પ્રવેશબંધી રહેશે અને અવર-જવર કરી શકશે નહીં.
- રેસકોર્ષ રીંગ રોડ ઉપર બહુમાળી ભવન ચોકથી પોલીસ હેડ કવાર્ટર સર્કલ, ન્યુ એન.સી.સી. ચોકથી કિશાનપરા ચોકથી જીલ્લા પંચાયત ચોકથી બહુમાળી ભવન સુધીનાં માર્ગ ઉપર ભારે તેમજ નાના માલ વાહક વાહનો માટે સવારના ક. ૦૫-૦૦ (પાંચ) વાગ્યાથી રાત્રીના ક. ૧૨-૦૦ (બાર) સુધી પ્રવેશબંધી રહેશે અને અવર-જવર કરી શકશે નહી.
- નાના માલવાહક વાહનો (લાઈટ કોર્મશીયલ વ્હીકલ) માટે શહેરનાં અન્ય વિસ્તારમાં પ્રવેશબંધી સવારના ક. ૦૯-૦૦ થી બપોરના ક. ૦૧-૦૦ સુધી તથા સાંજે ક. ૦૫-૦૦ થી રાત્રીનાં ક. ૦૯-૦૦ વાગ્યા સુધી પ્રવેશબંધી રહેશે અને અવર-જવર કરી શકશે નહીં. અન્ય સમયે અવર-જવર કરી શકશે.
- માધાપર ચાર રસ્તા જામનગર રોડ થી ૧૫૦ ફુટ રીંગ રોડ થી પુનિતનગર પાણીના ટાંકા સુધીનો રસ્તો ભારે તેમજ નાના માલ વાહક વાહનો માટે સવારના ક. ૦૭-૦૦ થી બપોરે ક. ૦૨-૦૦ સુધી તેમજ સાંજના ક. ૦૫-૦૦ થી રાત્રીના ક. ૦૯-૦૦ સુધી પ્રવેશબંધી રહેશે અને અવર-જવર કરી શકશે નહીં. અન્ય સમયે અવર જવર કરી શકશે.

શરતી મુક્તિ :

- પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, એલ.પી.જી., સી.એન.જી. અને પાણીનું વિતરણ/સપ્લાય કરતા વાહનો માટે બપોરે ક. ૧૧-૩૦ થી બપોરના ક. ૦૩-૩૦ વાગ્યા સુધી પ્રવેશબંધીમાંથી મુક્તિ રહેશે. તેમજ શાકભાજી, ફ્રુટ, દુધની હેરાફેરી કરતાં તમામ વાહનો ઉપર ૨૪ કલાક કોઈ પ્રતિબંધ રહેશે નહીં.
- ઢેબર રોડ સાઉથ અટીકા ઈન્ડસ્ટ્રીઝ એરીયામાંથી અટીકા ફાટક સુધી ભારે તેમજ નાના માલ વાહક વાહનો માટે સવારના ક. ૦૬-૦૦ થી સવારના ક. ૦૯-૦૦ સુધી અને બપોરે ક. ૦૧-૦૦ થી બપોરે ક. ૦૪-૦૦ સુધી પ્રતિબંધમાથી મુક્તિ આપવામાં આવે છે.
- મવડી રેલ્વે ફાટકથી આનંદ બંગલા ચોક થઈ વિનોદ બેકરી વાળા ચોક સુધી તથા ઉતર તરફના ભાગે આવેલ ઈન્ડસ્ટ્રીયલ એરીયા મણીનગર ઉમાકાંત પંડીત ઔધોગીક વસાહત શેરી નં. ૬ સુધીનો ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ભારે તેમજ નાના માલ વાહક વાહનો માટે સવારના ક. ૦૯-૦૦ થી બપોરના ક. ૦૧-૦૦ સુધી તથા સાંજે ક. ૦૪-૦૦ થી રાત્રીના ક. ૦૯-૦૦ સુધી પ્રતિબંધી રહેશે. અન્ય સમયે પ્રવેશબંધીમાંથી મુક્તિ આપવામાં આવે છે.
- ગોંડલ રોડ બાય પાસ સર્કલ થી ગોંડલ રોડ જુના જકાતનાકા સુધીમાં ગેરેજ વિસ્તાર હોવાના કારણે ૨૪ કલાક માટે પ્રવેશબંધી માંથી મુક્તિ આપવામાં આવે છે.
- ગોંડલ રોડ જકાતનાકા થી પી.ડી.એમ. કોલેજ મવડી ફાટક મકકમ ચોક, લેલન્ડ ટી પોઈન્ટ થી ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ સુધી ભારે તેમજ નાના માલ વાહક વાહનો માટે સવારના ક. ૦૯-૦૦ થી બપોરે ક. ૦૧-૦૦ સુધી તથા સાંજે ક. ૦૪-૦૦ થી રાત્રીના ક. ૦૯-૦૦ સુધી પ્રવેશબંધી રહેશે. અન્ય સમયે પ્રવેશબંધીમાંથી મુક્તિ આપવામાં આવે છે.
- આજીડેમ બાયપાસ રોડ થી અમુલ સર્કલ થી ચંપકભાઈ વોરા બ્રિજ થી સોરઠીયાવાડી સર્કલ સુધીનો ૮૦ ફુટ રોડ ૨૪ કલાક માટે પ્રવેશબંધીમાંથી મુક્તિ આપવામાં આવે છે.
- માધાપર ચાર રસ્તા જામનગર રોડ થી જુના જકાતનાકા થઈ આઈ.ઓ.સી. ડેપો અને રેલ્વે યાર્ડ સુધી માલની અવર-જવર કરવા માટે બીલ/રેલ્વે રીસીપ્ટ/ગેઈટ પાસ બતાવી ભારે તેમજ નાના માલ વાહક વાહનો અવર-જવર કરી શકશે.
- ગોંડલ ચોકડી થી જામનગર જવા માંગતા ભારે તેમજ નાના માલ વાહક વાહનો ૧૫૦ રીંગ રોડ થી ઘંટેશ્વર ટી પોઈન્ટ થી જામનગર તરફ જઈ શકશે અને માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જવા માંગતા ભારે તેમજ નાના માલ વાહક વાહનો માધાપર ચોકડી થી ઘંટેશ્વર ટી પોઈન્ટ થી નવો ૧૫૦ રીંગ રોડથી કટારીયા ચોકડી થી ૮૦ ફુટ રોડ, વાવડી રોડ થી પુનીતનગર પાણીના ટાકા થી ગોંડલ ચોકડી તરફ જઈ શકશે. પરંતુ તે રોડ ઉપરથી કોઈ પણ દર્શાવેલ વાહન શહેરી વિસ્તારમા પ્રવેશી અવર-જવર કરી શકશે નહી.

આ મુક્તિ શરતી છે ભવિષ્યમાં રસ્તા પર ટ્રાફિકની દ્રષ્ટીએ જરૂર જણાયે વગર નોટીસે મુક્તિ પાછી ખેંચવામાં આવશે. તેમજ બીજો હુકમ ન થાય ત્યા સુધી મૌકુફ રાખવામાં આવે છે, પરંતુ જાહેરનામા અન્વયે જે વાહન માલિકોને ભારે વાહન મુક્તિ પરવાનગી પત્રો આપવામાં આવેલ છે, તેની અમલવારી આ જાહેરનામાં પ્રતિબંધીત સમય દરમિયાન પણ ચાલુ રહેશે. તેમજ આ જાહેરનામામાં દર્શાવેલ પ્રતિબંધીત સમય દરમિયાન આવશ્યક ચીજ વસ્તુઓની હેરાફેરી કતા વાહનો માટે ભારે વાહન મુક્તિ પરવાનગી અવશ્ય લેવાની રહેશે.

આ જાહેરનામું ફરજ પરનાં પોલીસ વાહનો, એમ્બ્યુન્સ, શબવાહની, ફાયર બ્રિગેડનાં વાહનો તેમજ સરકારી તથા કોર્પોરેશનની માલિકીના વાહનો માટે લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીના હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામા નો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આથી હું બ્રજેશ કુમાર ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, અમોને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજ રોજ તારીખ : ૨૪-૦૭-૨૦૨૫ થી મારી સહી-સીકકા કરી સદરહું વિગેતનું જાહેરનામું જાહેર જનતાની જાણ માટે આંશિક સુધારો કરી આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૨૭ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/NEET (PG)/જુનિયર ઈન્સપેકટર/પરીક્ષા/જાહેરનામું/૨૯૯૯/૨૦૨૫.-રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, ન્યુ દિલ્હી દ્વારા National Eligibility Cum Entrance Test (NEET) (PG)-2025 ની પરીક્ષા રાજકોટમાં અલગ-અલગ શાળા-કોલેજોમાં કુલ-૦૩ કેન્દ્રો ખાતે તા. ૦૩-૦૮-૨૦૨૫ ના રોજ ક. ૦૯-૦૦ થી ક. ૧૨-૦૦ દરમ્યાન લેવાનાર છે. તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા જુનિયર ઈન્સ્પેકટર વર્ગ-૩ ની પરીક્ષા રાજકોટ શહેરમાં શાળા-કોલેજોમાં કુલ-૦૧ કેન્દ્ર ખાતે તા. ૦૩-૦૮-૨૦૨૫ ના રોજ ક. ૧૫-૦૦ થી ક. ૧૮-૦૦ સુધી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં લેવાનાર છે.

આ પરીક્ષાઓ પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૦૩-૦૮-૨૦૨૫ ના રોજ કલાક ૦૮-૦૦ થી કલાક ૧૯-૦૦ વાગ્યા સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ, કોલેજો) માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ, કોલેજો)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ ત્રિજ્યામાં ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થાશે નહી કે શાળાઓસ, કોલેજો (કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થાશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જઈ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તા અને અધિકારની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર તા. ૦૩-૦૮-૨૦૨૫ ના કલાક ૦૮-૦૦ થી કલાક ૧૯-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ૧૦૦ મીટરના ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી અને શાળાઓમાં વાહનો લઈ જશે નહીં.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓના ભેગા થશે નહીં.

(૫) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, I-pad, સ્માર્ટ વોચ, જેવા ડિજીટલ ઉપકરણો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી.

(૬) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે તે ઓળખકાર્ડ સંબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર) આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

: અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ.

(૨) કોઈ લગ્નના વરઘોડાને (શરતોને આધીન મંજુરી મેળવેલ)

(૩) કોઈ સ્મશાન યાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર થાય છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તા. ૩૦-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૨૫.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Government Press & Stationery, Rajkot
Manager
Date : 2025.08.14 14:25:43 IST